# પ્રકરણ ૧૨

# દસ્તાવેજીકરણ પોલીસીની શરત – ૧

પ્રશ્ન ૧. પ્રીમીયમની પ્રથમ રસીદ શું સૂચવે છે?

૧ . ફ્રી લૂકિંગ સમયગાળો પૂર્ણ થયો છે.

૨ . પોલીસી કરાર શરુ થયો છે તેનો પુરાવો છે.

૩ . પોલીસી હવે રદ ન થઇ શકે.

૪ . પોલીસીને ચોક્કસ રોકડ મૂલ્ય પ્રાપ્ત થયું છે.

પ્રશ્ન ૨. નીચેનામથી કયો દસ્તાવેજ વીમાકંપની અને વીમા ધારક વચ્ચેનો કરાર છે?

૧ . પ્રસ્તાવ ફોર્મ

૨ . પોલીસી દસ્તાવેજ

૩ . માહિતીપત્રક

૪ . કલેઈમ ફોર્મ

પ્રશ્ન ૩ . જો ચોક્કસ પોલીસી દસ્તાવેજ લખવા માટે જટિલ ભાષાનો ઉપયોગ હોય અને તેને લીધે સદીઘતા વધી હોય તો તેનો અર્થ સામાન્યપણે કેવી રીતે કરવામાં આવે છે?

૧ . વીમા ધારકની તરફેણમાં

૨ . વીમા કંપનીની તરફેણમાં

૩ . પોલીસીને રદ બાતલ જાહેર કરવામાં આવશે અને વીમા કંપનીને વીમા ધારકને વ્યાજ સાથે પ્રીમીયમ પરત કરવા માટે જણાવવામાં આવશે.

૪ . પોલીસીને રદ બાતલ જાહેર કરવામાં આવશે અને વીમા કંપનીને વીમા ધારકને વ્યાજ વિના પ્રીમીયમ પરત કરવા માટે જણાવવામાં આવશે.

પ્રશ્ન ૪. પોલીસી દસ્તાવેજોને શ્રેષ્ઠ રીતે વર્ણવતા વિકલ્પને પસંદ કરો.

૧ . આ વીમો કરારનો પુરાવો છે.

૨ . આ કંપની પાસેથી પોલીસી ખરીદવામાં વીમા ધારકે દાખવેલો રસ પુરાવો છે.

૩ . આ બેંકો, દલાલો અને અન્ય એન્ટિટીઝ સાથે વહેવાર કરવામાં આવે ત્યારે વીમાકંપની દ્વારા અનુસરવામાં આવતી નીતિનો પુરાવો છે.

૪ . પ્રથમ પ્રીમિયમની ચુકવણી કરવામાં આવે ત્યારે વીમા કંપની દ્વારા જરી કરવામાં આવેલી સ્વીકૃતિની રસીદ છે.

પ્રશ્ન ૫. નીચેનામાંથી કયું નિવેદન સાચું છે?

૧ . પ્રસ્તાવ ફોર્મ સ્વીકૃતિ પોલીસી કરાર શરુ થયો હોવાનો પુરાવો છે.

૨ . પ્રીમિયમની સ્વીકૃતિ પોલીસી કરાર શરુ થયો હોવાનો પુરાવો છે.

૩ . પ્રીમિયમની પ્રથમ રસીદ સ્વીકૃતિ પોલીસી કરાર શરુ થયો હોવાનો પુરાવો છે.

૪ . પ્રીમીયમ ક્વોટ પોલીસી કરાર શરુ થયો હોવાનો પુરાવો છે.

પ્રશ્ન ૬. પ્રથમ પ્રીમીયમ બાદ વીમા કંપની દ્વારા પ્રાપ્ત કરવામાં આવતા પછીના પ્રીમીયમ માટે કંપની ___________ જારી કરશે.

૧ . રીવાઈવલ પ્રીમીયમ રસીદ

૨ . રીસ્ટોરેશન પ્રીમીયમ રસીદ

૩ . રીઇન્સ્ટેટમન્ટ પ્રીમીયમ રસીદ

૪ . રીન્યુઅલ પ્રીમીયમ રસીદ

પ્રશ્ન ૭. જો વીમા ધરાકથી મૂળ જીવન વીમા પોલીસીનો દસ્તાવેજ ખોવાઈ જાય તો શું થશે?

૧ . વીમા કંપની કરારમાં કોઈ ફેરફાર કર્યા વિના પોલીસીની નકલ જારી કરશે.

૨ . વીમા કરારનો અંત થશે.

૩ . જીવન વીમા ધારકના હાલ ના સ્વાસ્થ્ય અંગેની ઘોશ્નાને આધારે નવી શરતો અને નિયમો સાથે પોલીસીની નકલ જારી કરશે.

૪ . વીમા કંપની માત્ર કોર્ટના આદેશ બાદ કરારમાં કોઈ ફેરફાર કર્યા વિના પોલીસીની નકલ જારી કરશે.

પ્રશ્ન ૮. નીચેનામાંથી કયું નિવેદન સાચું છે?

૧ . પોલીસી દસ્તાવેજ સક્ષમ અધિકારી દ્વારા હસ્થાક્ષર થયેલા હોવા જોઈએ, પરંતુ તે ઇન્ડીયન સ્ટેમ્પ એક્ટ અનુસાર ફરજીયાત પાને સિક્કા ધરાવતા હોય એવું જરૂરી નથી.

૨ . <u>પોલીસી દસ્તાવેજ સક્ષમ અધિકારી દ્વારા હસ્થાક્ષર થયેલા હોવા જોઈએ, પરંતુ તે ઇન્ડીયન સ્ટેમ્પ એક્ટ અનુસાર ફરજીયાત પાને સિક્કા ધરાવતા હોવા જોઈએ.</u>

૩ . પોલીસી દસ્તાવેજ સક્ષમ અધિકારી દ્વારા હસ્થાક્ષર થયેલા એવું જરૂરી નથી, પરંતુ તે ઇન્ડીયન સ્ટેમ્પ એક્ટ અનુસાર ફરજીયાત પાને સિક્કા ધરાવતા હોવા જોઈએ.

૪ . પોલીસી દસ્તાવેજ સક્ષમ અધિકારી દ્વારા હસ્થાક્ષર થયેલા એવું જરૂરી નથી, પરંતુ તે ઇન્ડીયન સ્ટેમ્પ એક્ટ અનુસાર ફરજીયાત પાને સિક્કા ધરાવતા હોય એવું જરૂરી નથી.

પ્રશ્ન ૯. નીચેનામાંથી કયો વિકલ્પ પ્રમાણભૂત વીમા પોલીસી દસ્તાવેજનો પ્રથમ ભાગ રચે છે?

૧ . <u>પોલીસીની સૂચી</u>

૨ . પ્રમાણભૂત જોગવાઈઓ

૩ . વિશિષ્ટ પોલીસીની જોગવાઈઓ

૪ . કલેઈમ પ્રક્રિયા

પ્રશ્ન ૧૦. પ્રમાણભૂત વીમા પોલીસીના દસ્તાવેજમાં પ્રમાણભૂત જોગવાઈઓ વિભાગ નીચેમાંનથી કઈ માહિતી ધરાવશે ?

૧ . આરંભની તારીખ, પાકતી મુદ્દતની તારીખ અને પાછલા પ્રીમિયમની બાકી ચુકવણીની તારીખ

૨ . નોમિનીનું નામ

૩ . <u>હકો અને ખાસ અધિકારો અને કરાર હેઠળ લાગુ હોય અન્ય શરતો</u>

૪ . અધિકૃત હસ્તાક્ષાર કરનારની સહી અને પોલીસીનો સિક્કો

પ્રશ્ન ૧૧. "કરાર કરતી વખતે ગર્ભ ધરાવતી મહિલા મત ગર્ભાવસ્થાને લીધે થયેલા મૃત્યુને સામેલ નહિ કરતી જોગવાઈ" પ્રમાણભૂત પોલીસી દસ્તાવેજના કયા વિભાગમાં સામેલ કરવામાં આવશે?

૧ . પોલીસીની સૂચી

૨ . સામાન્ય જોગવાઈઓ

૩ . પ્રમાણભૂત જોગવાઈઓ

૪ . <u>વિશિષ્ટ પોલીસી જોગવાઈ</u>